# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૧૫ જૂન, ૨૦૨૬



### સુપ્રસિદ્ધ રણછોડજી મંદિરના 'શતક વર્ષ'ની રથયાત્રા પૂર્વે જ મહંતે દુકાનનું ભાડું સ્વીકારવાનું બંધ કરીને નોટિસો ફટકારતા વેપારીઓમાં રોષ ભડક્યો

# પેટલાદના રણછોડજી મંદિરના મહંત-દુકાનદારો વચ્ચે ગજગ્રાહ

**વર્ષો જૂની** પાઘડીથી આપેલી દુકાનો ખાલી કરાવવા મહંતના 'તરકટ' સામે ભાડૂઆતો હવે લડતના મૂડમાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૪

આણંદ જિલ્લાના પેટલાદ શહેરમાં સ્થિત સો વર્ષથી વધુ પુરાણા અને આસ્થાના કેન્દ્ર સમાન રણછોડજી મંદિર હાલ ભક્તિભાવને બદલે કાનૂની વિવાદને કારણે ચર્ચામાં આવ્યું છે. એક તરફ મંદિર તેની 100મી રથયાત્રાની ભવ્ય ઉજવણીની તૈયારીઓ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ મંદિરની માલિકીની દુકાનોના ભાડૂઆતો અને મહંત વાસુદેવ મહારાજ વચ્ચે તીવ્ર ગજગ્રાહ શરૂ થયો છે. મહંત દ્વારા દુકાનો ખાલી કરાવવા માટે લેન્ડ ગ્રેબિંગ જેવા ગંભીર ગુનાની ધમકીઓ અપાતા અને ભાડું સ્વીકારવાનું બંધ કરી દેવાતા શહેરના વેપારી આલમમાં ભારે ગણગણાટ શરૂ થયો છે.

આણંદ જીલ્લામાં રણછોડરાયનું સૌથી મોટું અને પ્રસિદ્ધ મંદિર પેટલાદમાં આવેલું છે. સો વર્ષથી વધુ જુના આ મંદિરમાં રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે રથયાત્રાની ઉજવણીનું શતક વર્ષ હોવાથી અત્યારથી જ ઘેર ઘેર ઠાકોરજીની પધરામણી માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આવા પ્રસિદ્ધ મંદિરના મહંત અને ભાડુઆત દુકાનદારો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ગજગ્રાહ શરૂ થયો છે. આ મંદિર બહાર વર્ષો પહેલાં પાકી દુકાનો બનાવવામાં આવી હતી. જે મંદિરના ટ્રસ્ટ દ્વારા પાઘડી લઈ જે તે દુકાનો ભાડે આપી હતી. વર્ષ 1993 માં આપેલી દુકાનોના ભાડા વર્ષ 2016 સુધી યથાવત્ હતા. જેથી તા.11મી માર્ચ 2016ના રોજ મહંત વાસુદેવ મહારાજ અને ભાડુઆતો વચ્ચે એક મિટીંગ યોજાઈ હતી. જેમાં દુકાનોના ભાડામાં દર વર્ષે 5 થી 10 ટકાનો વધારો, રિપેરીંગ કરાવવાની જવાબદારી ભાડુઆતોના શિરે, અન્ય ઈસમને દુકાન પાઘડીથી આપે તો 20 ટકા રકમ ટ્રસ્ટે આપવા, દુકાન અન્યને આપવા મહંતની મધ્યસ્થી જરૂરી જેવા મુદ્દાઓ સર્વાનુમતે મંજુર રાખી ઠરાવો કરવામાં આવ્યા હતા. જે મુજબ ભાડુઆતો ભાડું આપતા આવ્યા હોવાનું જાણવા મળે છે. પરંતુ તા.26 ડિસેમ્બર 2025ના રોજ અચાનક એક નોટીસ દરેક દુકાનો ઉપર રાત્રીના સમયે ચોંટાડવામાં આવી હતી.



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

જેમાં ઉલ્લેખ હતો કે સદર દુકાનોની છાજલી અને પેરાફીટ જર્જરીત હોવાથી નગરપાલિકાએ 22મી ડિસેમ્બરના રોજ નોટીસ આપેલી છે. જેથી આ જોખમી મિલકતનું મરામત કરવાનું હોવાથી દુકાનો 15 દિવસમાં ખાલી કરી આપવી. આ નોટીસને લઈ દુકાનદારોમાં ભારે રોષ ફેલાયો હતો. બાદમાં 30મી ડિસેમ્બર 2025ના રોજ વકીલ મારફતે વધુ એક ભાડુઆતને નોટીસ મોકલવામાં આવી હતી. જેમાં જણાવ્યું હતું કે રણછોડજી મંદિર ટ્રસ્ટના ભાડુઆતો માટે બોમ્બે રેન્ટ એક્ટ 1947ની કલમ 7 મુજબ સ્ટાન્ડર્ડ રેન્ટ નક્કી કરવામાં આવ્યા હતા. પરંતુ તેની જોગવાઈઓમાં સુધારા થયેલા હોવાથી નવા ભાડા અધિનિયમ મુજબ ડિજીટલ રજીસ્ટર કરાવવા ફરજીયાત છે. આ ઉપરાંત ગુજરાત સરકારે 2જી એપ્રિલ 2025થી કોમર્શિયલ મિલકત માટે લીવ એન્ડ લાયસન્સ કરારની સ્ટેમ્પ ડ્યુટીનું નોટીફીકેશન જાહેર કર્યું હતું. જેથી દુકાનદારોને તે મુજબ નિયમને અમલમાં મૂકવા નોટીસ ફટકારી હતી. જો તેમ નહીં કરો તો ગુજરાત લેન્ડ ગ્રેબીંગ અધિનિયમ 2020 મુજબ ફરીયાદ કરવાની પણ ચીમકી આપવામાં આવી હતી.

આ મામલા ઉપર ઠંડુ પાણી રેડાઈ ગયું હોય એવું લાગતું હતું. પરંતુ છ મહિના પછી 21મી મે 2026ના રોજ વધુ એક ભાડુઆતને કાનૂની નોટીસ મોકલી 3 દિવસમાં દુકાન ખાલી કરવા જણાવ્યું હતું. જેમાં કબજો ગેરકાનૂની હોવાથી લેન્ડ ગ્રેબીંગની કલમ 3 હેઠળ ગેરકાયદેસર ગણાય. આ ઉલ્લેખ જોતા દુકાનદારો મુંઝવણમાં પડી ગયા હતા. વધુમાં ઉલ્લેખ હતો કે આ દુકાન ભયજનક હોવાથી ખાલી કરો નહીંતો પોલીસ કાર્યવાહી કરવાની ગર્ભિત ધમકી પણ નોટીસ દ્વારા આપવામાં આવી હતી.

આથી, આ ભાડુઆતે 22મી મે 2026ના રોજ મહંતની નોટીસનો જવાબ આપ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે અમો મંદિર ટ્રસ્ટના કાયદેસરના ભાડુઆત છે. નક્કી થયેલા ભાડા સમયસર ચુકવતા આવ્યા છે, જેની પાવતી મંદિર દ્વારા મળે છે. વર્ષ 2016 માં થયેલ ઠરાવોનો અમલ દરેક ભાડુઆતો કરતા આવ્યા છે. એકપણ દુકાનો જર્જરીત નથી, માત્ર છાજલી અને પેરાફીટ જ મરામત માંગે છે. તો દુકાનો ખાલી કરાવવા પાછળ મહંતનું કોઈ તરકટ છે. તાજેતરમાં દુકાનદારો મહંતને ભાડું આપવા ગયા તો સ્વીકારેલ નથી. ઉપરાંત આવી રીતે બિનજરૂરી નોટીસો ફટકારી મહંતે ડરનો માહોલ ઉભો કર્યો છે. જેના થકી મહંતને દુકાનોનો કબ્જો લેવામાં જ રસ હોવાનો ઉલ્લેખ પણ આ નોટીસમાં કરાયો છે. મળતી માહિતી મુજબ મહંત વાસુદેવ મહારાજ દ્વારા આ દુકાનો યેનકેન પ્રકારે તોડી નાંખી કબ્જો મેળવવા કારસો રચાઈ રહ્યો હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે. જો કે મહંતની કોઈપણ ગતિવિધી સામે ભાડુઆત દુકાનદારો પોતાના હક્ક માટે લડી લેવાના મૂડમાં હોવાનું જાણવા મળે છે.

#### મહંત બાંહેધરી આપવા સંદર્ભે મૌન

આ વિવાદ અંગે જવાબી નોટીસ દ્વારા પ્રકાશભાઈ રમણભાઈ પટેલે ઉલ્લેખ કર્યો છે કે દુકાનો કે મિલકત મરામત કરાવવી હોય તો ભાડુઆતો કબ્જો આપવા તૈયાર છે. પરંતુ મહંતે કોર્ટ થકી લેખિત બાંહેધરી આપવી જોઈએ કે મરામત કરીને 15 દિવસમાં દુકાનો ભાડુઆતોને પરત કરીશું. પરંતુ એ માટે પણ મહંત તૈયાર નથી.

#### મહંત કાયદો હાથમાં લે છે

આશરે 40 વર્ષ જુના ભાડુઆત કૈલાસબેન રમણભાઈ પટેલના વારસદાર પ્રકાશભાઈએ મહંતની નોટીસનો જવાબ આપતા જણાવ્યું છે કે, ચેરીટી કમિશ્નરની કોઈપણ પૂર્વ મંજુરી લીધા સિવાય ભાડુઆતોને નોટીસો ફટકારવામાં આવે છે. મહંત મનફાવે એ રીતે આડેધડ નોટીસો મોકલી ભાડુઆતોને હેરાન પરેશાન કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ રણછોડજી મંદિર ટ્રસ્ટમાં હાલ એક માત્ર મહંત વાસુદેવ મહારાજ ટ્રસ્ટી તરીકે છે.

---

## આણંદ જિલ્લા પંચાયતની વેબસાઈટમાં અપડેટ કરાઈ

**સતત** ચર્ચા અને ટીકાઓ બાદ વેબસાઈટ પર અપાઈ અદ્યતન માહિતી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ જિલ્લા પંચાયતની સત્તાવાર વેબસાઈટમાં આખરે જરૂરી સુધારો કરીને નવા ચૂંટાયેલા પ્રમુખ મયુરીબેન પટેલની વિગતો અપડેટ કરવામાં આવી છે. અગાઉ વેબસાઈટ પર હજુ પણ વહીવટદાર તરીકે કલેક્ટરની માહિતી દર્શાવાતી હોવાથી તંત્રની બેદરકારીને કારણે અનેક પ્રશ્નો ઊભા થયા હતા.

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે નવી વરણી થયા બાદ પણ વેબસાઈટમાં સમયસર ફેરફાર ન થતાં છેલ્લા એક સપ્તાહથી રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી હતી. સામાન્ય નાગરિકો અને જનપ્રતિનિધિઓ માટે વેબસાઈટ માહિતીનો મહત્વનો સ્ત્રોત ગણાય છે, ત્યારે જૂની અને ભ્રામક માહિતી દર્શાવાતી હોવાની બાબત ચર્ચાનું કેન્દ્ર બની હતી. આખરે તંત્ર સફાળું જાગ્યું હોય તેમ વેબસાઈટમાં સુધારો કરીને પ્રમુખ તરીકે મયુરીબેન પટેલની વિગતો દર્શાવવામાં આવી છે. જોકે, આ ઘટનાએ સરકારી વેબસાઈટોમાં સમયસર માહિતી અપડેટ કરવાની જવાબદારી અને પારદર્શિતાના મુદ્દે અનેક સવાલો પણ ઊભા કર્યા છે. લોકોમાં એવી લાગણી વ્યક્ત થઈ રહી છે કે જાહેર માહિતી પ્રણાલીમાં સમયસર અને સચોટ માહિતી ઉપલબ્ધ રહે તે માટે તંત્ર વધુ સતર્ક રહેવું જોઈએ.

---

### નડિયાદ શહેરના પારસ સર્કલથી આંબેડકર પ્રતિમા સુધી રેલી યોજાઈ

## નડિયાદમાં કોંગ્રેસ દ્વારા નીટ કૌભાંડ અને મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન

**મહિલાઓએ** ગરબો રમી અનોખો વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદના પારસ સર્કલ ખાતે ખેડા જિલ્લા અને નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ લોકપ્રશ્નોને લઈને સરકાર સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ખાસ કરીને તાજેતરમાં ચર્ચામાં રહેલી NEET પરીક્ષાની ગેરરીતિઓ અને તેના કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા અન્યાયનો મુદ્દો મુખ્યત્વે ઉઠાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જીવનજરૂરી



ચીજવસ્તુઓના ભાવમાં વધારો, બેરોજગારી અને પશુપાલકોને પડતી હાલાકી જેવા મુદ્દે કાર્યકરોએ સરકારની નીતિઓની આકરી ઝાટકણી કાઢી હતી.

નડિયાદમાં કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં મહિલા કાર્યકરોની ભૂમિકા નોંધપાત્ર રહી હતી, જ્યાં તેઓએ 'મોંઘવારીનો ગરબો' રમીને ભ્રષ્ટાચાર અને મોંઘવારી સામે અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. બાદમાં પારસ સર્કલથી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં 'મોંઘવારીની લારી' આકર્ષણનું કેન્દ્ર બની હતી, જેની સાથે કાર્યકરોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ બિમલભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય કનુસિંહ ડાભી, ઈન્દ્રજીતસિંહ પરમાર અને ભારતસિંહ પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ખેડા જિલ્લા પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, શહેર પ્રમુખ હાર્દિક ભટ્ટ, અને જિલ્લા મહિલા પ્રમુખ સુધાબેન ચૌહાણ સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ જોડાઈને મોંઘવારી સામે અવાજ ઉઠાવ્યો હતો.

---

## વડતાલનો બુટલેગર ભોપો પાસા હેઠળ જેલહવાલે

**રૂ. ૧૭ લાખથી** વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયાના ગુનામાં સંડોવાયો હતો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રીઢા ગુનેગારો વિરુદ્ધ હાથ ધરવામાં આવેલી અટકાયતી ઝુંબેશ અંતર્ગત વડતાલના નામચીન બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

વડતાલ પોલીસ મથક હદ વિસ્તારમાં પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનાઓમાં મુખ્ય આરોપી તરીકે સંડોવાયેલા ભૂપેન્દ્ર ઉર્ફે ભોપો ઈશ્વરભાઈ કિશાભાઈ પરમાર (રહે. કિશોરપુરા, વડતાલ) વિરુદ્ધ પોલીસે કાનૂની ગાળિયો કસ્યો હતો. આ પૂર્વે થયેલી કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપી પાસેથી ૪,૧૦૨ નંગ વિદેશી દારૂની નાની-મોટી બોટલો, જેની કિંમત રૂ. ૧૭,૦૬,૨૦૦ થાય છે, તે જપ્ત કરી હતી. આ ઉપરાંત મોબાઈલ ફોન અને રોકડ સહિત લાખોનો મુદ્દામાલ પણ કબજે લેવામાં આવ્યો હતો.

આ રીઢા આરોપીની પ્રવૃત્તિઓ પર લગામ લગાવવા માટે ખેડા LCB દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી કલેક્ટર તરફ મોકલવામાં આવી હતી. ખેડા-નડીઆદ કલેક્ટર દ્વારા આ દરખાસ્ત મંજૂર કરી તાત્કાલિક અસરથી પાસા વોરંટ ઈશ્યુ કરાતા, ૧૪મી જૂનના રોજ એલ.સી.બી.એ આરોપી 'ભોપો'ની અટકાયત કરી હતી.

---

### કઠલાલ પોલીસે ૭૦થી વધુ સીસીટીવી ફૂટેજની મદદથી ગેંગ ઝડપી

## પશુના મોંઢે ફેવીક્વિક ચોંટાડી ઉઠાંતરી કરતી ગેંગનો પર્દાફાશ

**અમદાવાદના** બે શખસ પાસેથી ફોર્ચ્યુનર-સ્કોર્પિયો સહિત ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ મહિનાથી પશુ ચોરીની ઘટનાઓએ માથું ઉચક્યું હતું, જેના કારણે પશુપાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આ ઘટનાઓને અંકુશમાં લેવા કઠલાલ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ હાથ ધરી હતી. ૭૦થી વધુ સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ બાદ પોલીસે અમદાવાદના બહેરામપુરા અને દાણીલીમડા વિસ્તારમાંથી બે મુખ્ય આરોપીઓ, ઉવેશઅહેમદ રસીદઅહેમદ શેખ અને મોહસીન રજ્જાકભાઈ શેખને ઝડપી પાડી આંતરજિલ્લા ગેંગનો પર્દાફાશ કર્યો છે.

કઠલાલ પોલીસને પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં પશુ ચોરીની વિચિત્ર પદ્ધતિ સામે આવી છે, જે સાંભળી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ શખ્સો દિવસ દરમિયાન હાઈવે નજીકના પશુઓની રેકી કરતા અને રાત્રિના સમયે ચોરી કરવા પહોંચતા હતા. પશુઓ બૂમ ન પાડે તે માટે તેઓ પહેલા તેને ક્રીમવાળા બિસ્કિટ ખવડાવતા અને ત્યારબાદ તુરંત જ મોઢા પર ફેવીક્વિક લગાવી દેતા હતા. મોઢું ચોંટી જવાને કારણે પશુ અવાજ કરી શકતું નહીં, જેનો લાભ લઈ આરોપીઓ પશુને ગાડીમાં ભરી ફરાર થઈ જતા હતા.

હાલ પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી સ્કોર્પિયો અને સફેદ ફોર્ચ્યુનર જેવી લક્ઝરી ગાડીઓ તથા ૨ મોબાઈલ મળી કુલ ૧૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ધરપકડ સાથે પોલીસે કઠલાલ, કપડવંજ, નડિયાદ અને મહેમદાવાદ પંથકમાં થયેલી પશુ ચોરીના કુલ ૬ મોટા ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

---

## ગોબલેજ પાસે ટેન્કર ટક્કરે બાઈક સવારનો જીવ લીધો

**રતનપુર** પાટિયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે શ્રમજીવીનું મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ તાલુકાના દાવડા ગામનો ૩૧ વર્ષીય યુવાન ભાવેશ વિજયભાઈ પટેલ ગોબલેજ ગામની એક કંપનીમાં નોકરી કરતો હતો. ગતરોજ બપોરે નોકરી પરથી છૂટીને તે પોતાની મોટરસાયકલ પર પરત ફરી રહ્યો હતો, ત્યારે ગોબલેજ તળાવના વળાંક પાસે સામેથી રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે આવેલા એક ડીઝલ ટેન્કરે તેની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ભાવેશને તુરંત ખેડા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ખેડા ટાઉન પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં, નેશનલ હાઈવે પર સફેદ પટ્ટા લગાવવાનું કામ કરતા રાજસ્થાનના શ્રમજીવી ઓપેન્દ્રસિંહ અશોકસિંહ જાટ રતનપુર પાટિયા પાસે માર્ગ ઓળંગીને છાશ લેવા જઈ રહ્યા હતા. આ દરમિયાન નડિયાદ તરફથી આવેલા એક અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારી હતી અને અકસ્માત સર્જી વાહન લઈને નાસી છૂટ્યો હતો. આ ગંભીર ઈજાઓ પામેલા ઓપેન્દ્રસિંહનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં જ કરુણ મોત નીપજ્યું હતું. માતર પોલીસે આ મામલે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

---

### કિસાન મોરચાના મહામંત્રી પર ચૂંટણીની અદાવત રાખી હુમલો કર્યો

## નડિયાદમાં ભાજપના નેતા પર ૮થી વધુ શખ્સોનો ઘાતક હુમલો

**નડિયાદના** ડી-માર્ટ પાસે બોલાવી દંડાથી માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ શહેરમાં ભાજપ કિસાન મોરચાના શહેર મહામંત્રી પ્રકાશ પરમાર પર ચૂંટણીની અદાવત રાખીને 8થી વધુ શખ્સોની ટોળકીએ ઘાતક હુમલો કર્યો હતો. 'તું મોટો દાદા થઈ ગયો છે અને ચૂંટણીમાં અમને હરાવવામાં તે મોટો ભાગ ભજવ્યો છે.' તેમ કહી જીવલેણ હુમલો કર્યો હતો.

નડિયાદ શહેરમાં ભાજપ કિસાન મોરચાના શહેર મહામંત્રી પ્રકાશભાઈ પરમાર શનિવારે રાત્રે આઠ વાગ્યાના સુમારે મંદિરે જઈ રહ્યા હતા, ત્યારે તેમના વિસ્તારના એક પરિચિત યુવાને અગત્યના કામનું બહાનું બતાવી તેમને ડી-માર્ટ નજીક શ્રીજી ફર્નિચર પાસે બોલાવ્યાં હતાં. પ્રકાશભાઈ ત્યાં પહોંચતા જ અગાઉથી હાજર ટોળકીએ ઉશ્કેરાઈને ગાળાગાળી શરૂ કરી હતી અને લાકડાના ડંડા તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. બૂમાબૂમ થતા તેમના પિતા અને ભાઈએ સ્થળ પર દોડી આવી તેમને છોડાવ્યા હતા. હુમલાખોરો જતી વખતે 'હવે પછી આગેવાની કરીશ તો જાનથી મારી નાખીશું.' તેવી ધમકી આપી હતી.

આ મારામારી અને ખેંચતાણ દરમિયાન પ્રકાશભાઈનો વીવો કંપનીનો મોબાઈલ અને ખિસ્સામાં રહેલા 70 હજાર રૂપિયા ક્યાંક પડી ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને તાત્કાલિક 108 મારફતે સિવિલ અને બાદ વધુ સારવાર માટે રાધાસ્વામી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

નડિયાદ ટાઉન પોલીસે પ્રકાશભાઈની ફરિયાદના આધારે મીત રાઉલજી, વિશાલ ચાવડા, ચિરાગ ચાવડા, કેતુલ ઠાકોર, ગોપાલ ચાવડા, મહેન્દ્ર ચાવડા, અજય ગોહેલ અને ગોપાલ ઉર્ફે નીતિન પરમાર સહિત અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

## ચારુસેટને 'પ્રાયોરિટી સ્ટેટસ': ૨૦૧ વિદ્યાર્થીઓને આકર્ષક પ્લેસમેન્ટ ઓફર

**ટીસીએસ** દ્વારા સમગ્ર રાજ્યમાં 'પ્રાયોરિટી ઇન્સ્ટિટ્યૂટ' તરીકે માન્યતા આપવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. દેશની અગ્રણી આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ દ્વારા ચારુસેટને સમગ્ર ગુજરાતમાં 'પ્રાયોરિટી ઇન્સ્ટિટ્યૂટ' તરીકે માન્યતા આપવામાં આવી છે. વર્ષ 2027ની બેચ માટેની ભરતી પ્રક્રિયામાં ટીસીએસએ ગુજરાતમાં પોતાની પ્રથમ પસંદગી તરીકે ચારુસેટ કેમ્પસ પર પસંદગી ઉતારી છે.

આ પ્લેસમેન્ટ સીઝનની શરૂઆત માર્ચ-એપ્રિલ 2026થી જ થઈ ગઈ હતી. 31મી મે, 2026ના રોજ યોજાયેલી ટીસીએસ નેશનલ ક્વોલિફાયર ટેસ્ટ (NQT)માં કુલ 560 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી 260 વિદ્યાર્થીઓ




ઈન્ટરવ્યૂ રાઉન્ડ માટે ક્વોલિફાય થયા હતા. ઈન્ટરવ્યૂ પ્રક્રિયાના અંતે કુલ 201 વિદ્યાર્થીઓને ટીસીએસ તરફથી ઓફર લેટર પ્રાપ્ત થયા છે, જેમની પસંદગી પ્રતિષ્ઠિત પ્રાઈમ, ડિજિટલ અને નિન્જા કેટેગરીમાં કરવામાં આવી છે.

માત્ર ટીસીએસ જ નહીં, પરંતુ ફેકલ્ટી ઓફ ટેકનોલોજી અને કોમ્પ્યુટર એપ્લિકેશન્સના વિદ્યાર્થીઓ માટે અત્યાર સુધીમાં 15થી વધુ અગ્રણી કંપનીઓએ કેમ્પસ મુલાકાત લીધી છે. આ પ્રક્રિયા હેઠળ 110થી વધુ વિદ્યાર્થીઓને એક વર્ષની ઈન્ટર્નશિપ સાથે પ્રી-પ્લેસમેન્ટ ઓફર પણ મળી ચૂકી છે.

ચારુસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. આ સફળતા યુનિવર્સિટીના ઉચ્ચ શૈક્ષણિક ધોરણો, ઉદ્યોગલક્ષી શિક્ષણ પદ્ધતિ અને ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના અથાક પ્રયાસોનું પરિણામ છે. યુનિવર્સિટી દ્વારા ઉદ્યોગજગત સાથે મજબૂત ભાગીદારી પ્રસ્થાપિત કરવામાં આવી છે, જેનાથી વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીના દ્વાર ખુલી રહ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225